મહિસાગર જિલ્લાની સિદ્ધિ | 'પોષણ સંગમ' અભિયાન થકી કુપોષણ સામેની જંગમાં સફળતા મળી

# મહિસાગર જિલ્લામાં માત્ર 10 માસમાં 6,151 કુપોષિત બાળકો તંદુરસ્ત થયા

**અતિ** ગંભીર કુપોષિત બાળકોના દરમાં 3.7% થી ઘટાડો થઈ માત્ર 0.81% રહ્યો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.22

મહિસાગર જિલ્લા વહીવટી તંત્રના સઘન પ્રયાસો અને જિલ્લા પંચાયતની આઈસીડીએસ (ICDS) શાખા દ્વારા અમલી 'પોષણ સંગમ' કાર્યક્રમના અત્યંત પ્રોત્સાહક પરિણામો પ્રાપ્ત થયા છે. જિલ્લાને કુપોષણ મુક્ત કરવાના મક્કમ નિર્ધાર સાથે હાથ ધરાયેલા આ વિશેષ અભિયાનને કારણે છેલ્લા 10 મહિનામાં કુપોષણના દરમાં ઐતિહાસિક ઘટાડો નોંધાયો છે, જેના પરિણામે જિલ્લાના 1924 અતિ ગંભીર અને 4227 મધ્યમ કુપોષિત બાળકોના સ્વાસ્થ્યમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે.

મહિસાગર જિલ્લામાં માર્ચ-25 થી જાન્યુઆરી-26 દરમિયાન અતિ ગંભીર કુપોષિત બાળકોની સંખ્યામાં મોટો ઘટાડો થયો છે. માર્ચમાં જિલ્લામાં આ બાળકોનું પ્રમાણ 3.7 ટકા (2469 બાળકો) હતું, જે જાન્યુઆરી-2026 સુધીમાં ઘટીને માત્ર 0.81 ટકા (545 બાળકો) થઈ ગયું છે. આમ, સઘન સારવાર અને દેખરેખને કારણે કુલ 1924 બાળકો કુપોષણની અતિ ગંભીર શ્રેણીમાંથી બહાર આવી સ્વસ્થ બન્યા છે. માત્ર અતિ ગંભીર જ નહીં, પરંતુ મધ્યમ ગંભીર કુપોષિત બાળકોની સ્થિતિમાં પણ સુધારો થયો છે. માર્ચમાં બાળકોની સંખ્યા 6355 (9.52 ટકા) હતી, જે ઘટીને 2128 (3.15 ટકા) થઈ છે, એટલે કે 4227 બાળકો તંદુરસ્ત શ્રેણી તરફ વળ્યા છે. આ ઉપરાંત અત્યંત ઓછા વજનવાળા અને મધ્યમ ઓછા વજનવાળા કુલ 17036 બાળકોમાંથી 8185 બાળકોને કુપોષણમાંથી બહાર લાવવામાં આવ્યા છે. ઓછા જન્મ વજન ધરાવતા બાળકોનું પ્રમાણ પણ 5.49 ટકાથી ઘટીને 3.34 ટકા થયું છે.

### 535 અધિકારીઓએ આંગણવાડીઓ દત્તક લીધી

કલેક્ટર દ્વારા 'કુપોષણ મુક્ત મહીસાગર પ્રોજેક્ટ' અંતર્ગત વિશેષ પહેલ કરવામાં આવી હતી, જેમાં જિલ્લાના વિવિધ વિભાગોના 535 અધિકારી અને કર્મચારીએ આંગણવાડી કેન્દ્રો દત્તક લીધા હતા. આ અધિકારીઓએ સમયાંતરે મુલાકાત લઈ બાળકોની હાજરી વધારવા અને 'બાલશક્તિ' પેકેટના યોગ્ય ઉપયોગ માટે વાલીઓને માર્ગદર્શન આપ્યું હતું. આ વ્યક્તિગત દેખરેખ બાળકોને રેડ ઝોનમાંથી યલો અને ગ્રીન ઝોનમાં લાવવા માટે અત્યંત અસરકારક સાબિત થઈ છે.

### કુપોષણ મુક્ત કરવા કયા કયા પગલાં ભરાયાં ?

માનવમિતિ દ્વારા બાળકોનું સચોટ સ્ક્રીનિંગ, ભૂખ પરીક્ષણ અને તબીબી પરીક્ષણ, સારવારનું યોગ્ય સ્થળ નક્કી કરવું, યોગ્ય પોષણ સારવાર અને સમયસર દવાઓ, આરોગ્ય પોષણ શિક્ષણ અને નિયમિત ફોલો-અપ મુલાકાત, ડિસ્ચાર્જ માટેના ચોક્કસ માપદંડ અને તે પછીની સંભાળ, પૌષ્ટિક આહારનું વિતરણ, બાળકોને ઉંમર મુજબ 10 બાલ શક્તિના પેકેટ, દરરોજ તાજો ગરમ નાસ્તો અને બપોરનું ગરમ ભોજન, અઠવાડિયામાં 2 વાર તાજા ફળો અપાય છે.

# ચારુસેટને શિક્ષણપ્રેમી NRI દાતાએ ₹1 કરોડનું દાન આપ્યું

**મોલેક્યુલર** લેબોરેટરીની સ્થાપનામાં યોગદાન બદલ સન્માન કરાયું




(પ્રતિનિધિ) આણંદ તા.22

ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર કેળવણી મંડળના ઉપક્રમે ચારુસેટ કેમ્પસ માટે રૂ.એક કરોડનું માતબર દાન આપનાર અને હાલ અમેરિકા સ્થિત દાતા મગનભાઈ પટેલ (પીપળાવ)ને 'એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો. ચારુસેટમાં 'હેમલતાબેન મગનભાઈ પટેલ મોલેક્યુલર લેબોરેટરી'ની સ્થાપનામાં તેમનું યોગદાન અવિસ્મરણીય રહ્યું છે.

આ પ્રસંગે કેળવણી મંડળ-ચારુસેટના પ્રમુખ સુરેન્દ્રભાઈ પટેલના હસ્તે દાતાનું પુસ્તક અને શાલ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. સુરેન્દ્રભાઈએ જણાવ્યું હતું કે, આધ્યાત્મિકતા અને ભગવાનમાં અપાર શ્રદ્ધા ધરાવતા આવા ઉદાર દાતાઓના સહયોગથી જ યુનિવર્સિટીનો સતત વિકાસ થઈ રહ્યો છે. સન્માનના પ્રતિભાવમાં મગનભાઈ પટેલે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, પહેલી મે, 1937ના રોજ પીપળાવમાં જન્મેલા મગનભાઈ પટેલે બીવીએમ એન્જિનિયરિંગ કોલેજ અને બાદ અમેરિકાની યુનિવર્સિટી ઓફ ટેનેસીમાંથી સિવિલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો હતો. તેઓ પીપળાવથી અમેરિકા જનાર પ્રથમ વ્યક્તિ હતા. આ સમારોહમાં માતૃસંસ્થાના પ્રમુખ કિરણભાઈ પટેલ, મંત્રી ડો. એમ.સી. પટેલ, દાતા દેવાંગભાઈ પટેલ (ઈપ્કોવાળા) સહિત વિવિધ પદાધિકારી અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુર પાસે ST બસ સાથે અથડાતાં બાઈક ચાલકનું મોત

**પુરપાટ** ઝડપે આવતી બાઇક ધડાકાભેર બસ સાથે અથડાતા અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) સંતરામપુર તા.22

સંતરામપુર તાલુકાના લીમડા મુવાડા ગામની સીમમાં એસટી બસ અને બાઈક વચ્ચે સર્જાયેલા ગોઝારા અકસ્માતમાં એક યુવકનું મોત નીપજ્યું છે. પુરપાટ ઝડપે આવતા બાઈક ચાલકે બસની ડ્રાઈવર સાઈડે ધડાકાભેર ટક્કર મારતા ગંભીર ઈજાઓના કારણે તેનું સારવાર મળે તે પહેલા જ અવસાન થયું હતું.

લુણાવાડાથી સંતરામપુર જઈ રહેલી રાધનપુર-દાહોદ રૂટની એસટી બસ (નંબર GJ 18 1967) સાંજના આશરે સાડા ચાર વાગ્યના સુમારે લીમડા મુવાડા ગામની સીમમાંથી પસાર થઈ રહી હતી. આ સમયે સામેથી બેફિકરાઈ અને પુરપાટ ઝડપે આવતા બાઈક ચાલકે બસ સાથે ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈક ચાલક રોડ પર પટકાતા લોહીલુહાણ થઈ ગયો હતો. આ ઘટના બાદ ઈજાગ્રસ્ત અજયભાઈ શંકરભાઈ રાવળ (રહે. હાડાની સરસણ) ને 108 મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ યોગ્ય સારવાર મળે તે પહેલા જ તેમનું મોત નીપજ્યું હતું.

આ બનાવ અંગે એસટી બસના ડ્રાઈવર વિપુલકુમાર નાનકશાહીએ અકસ્માત કરનાર મૃતક બાઈક ચાલક સામે સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

લુણાવાડા, મોડાસા, ગોધરામાં સાજીદ ઉર્ફે રાબડી આતંક મચાવ્યો હતો

# સાજીદ ઉર્ફે રાબડી તલવાર લઈ પોલીસ સામે ધસી ગયો હતો

**કૂખ્યાત** સાજીદ ઉર્ફે રાબડીનું એકાઉન્ટર કરનારા તત્કાલીન PSIને પણ તલવારનો ઘા વાગ્યો હતો

(પ્રતિનિધિ) વીરપુર તા.22

લુણાવાડામાં વર્ષ 2018માં સાજીદ ઉર્ફે રાબડીના મોતના



મામલે હાઈકોર્ટે પોલીસને ક્લિનચીટ આપી છે. આ ચુકાદામાં કોર્ટે નોંધ્યું હતું કે, ઘટના કોઈ આયોજિત 'એન્કાઉન્ટર' નથી, પરંતુ નાગરિકો અને પોલીસ કર્મચારીના જીવ બચાવવા માટે કરવામાં આવેલો સ્વબચાવ હતો. આ ચુકાદા બાદ ફરી વખત મુદ્દો ચર્ચાનો વિષય બન્યો હતો. આ એન્કાઉન્ટરમાં મુખ્ય ભૂમિકા ભજવનારા તત્કાલીન પોલીસ સબ ઈન્સ્પેક્ટર પી. આર. કરેણ હાલ વીરપુરમાં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવે છે.

વીરપુર પોલીસ ઈન્સ્પેક્ટર પી. આર. કરેણએ એકાઉન્ટર અંગે જણાવ્યું હતું કે, 18 ઓગષ્ટ,2018ના રાત્રિના 8-30 વાગ્યાના સુમારે તેઓ લુણાવાડામાં ઈન્ચાર્જ પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતાં હતાં. તેમને બાતમી મળી હતી કે, કૂખ્યાત સાજીદ ઉર્ફે રાબડી એક વ્હોરા પરિવારના ઘરમાં ઘૂસ્યો છે. આ બાતમી આધારે તેઓ તેમની ટીમ સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચ્યાં હતાં. જોકે, પોલીસની ગંધ પામી ગયેલા સાજીદ ઉર્ફે રાબડી ત્યાંથી અગાસી પર ગયો હતો અને મકાન કુદી પાછળના મકાનની વરંડામાં પહોંચી ગયો હતો. જ્યાં હાજર મહિલાના ગળા પર ખુલી તલવાર મુકી દીધી હતી અને પરિવારના તમામ સભ્યોને બાનમાં લઈ લીધા હતાં. જેથી મહિલા અને બાળકોએ બૂમાબૂમ કરી મુકી હતી. આ સમયે પોલીસ ત્યાં પહોંચી ગઈ હતી અને તેમને છોડવા માટે સાજીદને વારંવાર સમજાવ્યો હતો. પરંતુ તે માન્યો નહતો અને ઉલટાનું વધુ આક્રમકતા દાખવતો હતો. આથી, પોલીસે હવામાં પણ ગોળીબાર કર્યો હતો. પરંતુ સાજીદે તલવાર વીંઝવાનું શરૂ કરી દીધું હતું. આખરે પોલીસે તેને પગમાં ગોળી મારવા પ્રયત્ન કર્યો હતો. પરંતુ તે મીસફાયર થઈ કોન્સ્ટેબલના પગમાં વાગી હતી. આથી, સાજીદ વધુ ઉશ્કેરાયો હતો અને ખુલ્લી તલવાર સાથે પોલીસ સબ ઈન્સ્પેક્ટર પી.આર. કરેણ પર ધસી ગયો હતો અને સ્વબચાવમાં ફાયરિંગ કર્યું હતું. સાજીદથી વ્હોરા પરિવાર, પોલીસ કર્મચારી તથા પીએસઆઈ પોતાને બચવા માટે ફાયરીંગ કરવાની ફરજ પડી હતી. જેમાં સાજીદનું મોત નિપજ્યું હતું.

અલબત્ત, આ એન્કાઉન્ટર બાદ સ્વતંત્ર તપાસની માગણી ઉઠી હતી. જેથી તત્કાલીન ગોધરાના નાયબ પોલીસ અધિક્ષકને તપાસ સોંપી હતી. આ ઉપરાંત જ્યુડીશ્યલ તપાસ પણ કરવામાં આવી હતી. જ્યુડીશ્યલ તપાસમાં પણ મહિલા અને બાળકો તથા પોલીસને બચાવવા ફાયરીંગ કર્યાનું સાબિત થયું હતું.

### સાજીદ પોલીસ પર હુમલા કરતો હતો

સાજીદ ઉર્ફે રાબડીની રંજાડ લુણાવાડા ઉપરાંત મોડાસા, ગોધરા સુધી હતી. તેણે 1998માં ગુનાખોરીની દુનિયામાં પગ માંડ્યાં હતાં. જ્યારે તેનુ એન્કાઉન્ટર થયું ત્યારે તે 38 વર્ષનો હતો. બે દાયકા દરમિયાન 60થી વધુ ગુના મારામારી, લૂંટ સહિતના અનેક ગુના નોંધાયાં હતાં. જ્યારે પોલીસ તેની ધરપકડ કરવા જાય ત્યાં તેના પર હુમલો કરવાની ટેવ હતી. આવા પોલીસ પર હુમલાના સાત ગુના નોંધાયેલા હતાં. જેમાં જીવલેણ હુમલાનો સમાવેશ થાય છે.

### તલવાર-લાલ મરચાની ભૂકી લઇ ફરતો હતો

સાજીદે ગુનાખોરીમાં પગ મુક્યા બાદ તે ગમે તે સમયે કાયદો તોડતો હતો. મારામારી અને લૂંટ તેના જીવનની દિનચર્યા બની ગઇ હતી. તે સતત તલવાર અને લાલ મરચાની ભુકી સાથે રાખતો તો. આ ઉપરાંત તે તલવાર સાથે મનફાવે તે ઘરમાં ઘુસી જતો હતો અને તલવારની અણીએ તેની ધાર્યું કરાવતો હતો. તેના ગુનાઓની યાદી લાંબી થતી જતી હતી. આ ઉપરાંત પંથકમાં પણ ભારે ભયનો માહોલ ઊભો થયો હતો.

### સાજીદ જેલમાં ઉધામા મચાવતો રહેતો હતો

સાજીદની ધરપકડ પણ અસંખ્ય વખત થઇ છે. તે જેલમાં પણ સતત ઉધામા મચાવતો રહેતો હતો. જેમાં સાથી કેદી પર હુમલો, મારામારી કરવાના બનાવો બનતાં હતાં. આથી, તેને વારંવાર જેલ બદલવી પડતી હતી. તેના એન્કાઉન્ટર થયાના થોડા દિવસ પહેલા જ તે જેલમાંથી છુટીને આવ્યો હતો અને ફરી ગુનાખોરી શરૂ કરી દીધી હતી.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### વીરપુર પંથકના શિવ મંદિરોમાં ધાર્મિક ઉલ્લાસ અને અતૂટ શ્રદ્ધાનો માહોલ જોવા મળ્યો

**વીરપુર** | વીરપુર તાલુકાના તમામ શિવ મંદિરોમાં વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓની લાંબી કતારો લાગી હતી અને સમગ્ર પંથક શિવમય



બની ગયો હતો. ખાસ કરીને પ્રસિદ્ધ મુકેશ્વર મહાદેવ મંદિરે ભક્તોએ બિલ્વપત્ર, દૂધ અને ફૂલોથી અભિષેક કરી મહાદેવની વિશેષ આરાધના કરી હતી. મંદિર પરિસરોમાં ભજન-કીર્તન અને 'ૐ નમઃ શિવાય'ના જાપ સાથે અદભૂત ધાર્મિક ઉલ્લાસ અને અતૂટ શ્રદ્ધાનો માહોલ જોવા મળ્યો હતો. તમામ વયના લોકોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને મંદિર ટ્રસ્ટ અને સ્થાનિક તંત્ર દ્વારા ભક્તોની સુવિધા તથા સુરક્ષા માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી.

### લુણાવાડા શહેરમાં મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**લુણાવાડા** | મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા લુણાવાડા વિભાગીય કચેરી ખાતે લાઇન સ્ટાફ માટે અકસ્માતો નિવારવા અને સુરક્ષા પ્રત્યે



સજાગતા લાવવા વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. એડિશનલ ચીફ એંજિનિયર ડી.વી. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ સેમિનારમાં મહીસાગર જિલ્લાના વિવિધ પેટા વિભાગોના લાઇનમેનો અને ઇજનેરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ઝીરો એક્સિડન્ટના ટાર્ગેટને હાંસલ કરવા માટે લાઇનમેનોને ભૂતકાળમાં બનેલી ઘટનાઓમાંથી શીખ મેળવી સતર્ક રહેવા અને સલામતીના નિયમોનું પાલન કરવા માર્ગદર્શન અપાયું હતું.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદના હિન્દૂ સંમેલનમાં સામાજિક સમરસતાથી જ રાષ્ટ્રની એકતા મજબૂત બનાવવા ભાર મુકાયો




**આણંદ** | આણંદના અમૂલ નગરમાં હિન્દૂ સંમેલન સમિતિ દ્વારા આયોજિત કાર્યક્રમમાં મુખ્ય વક્તા સુરેશભાઈ નાયરે રાષ્ટ્રીય એકતા માટે સામાજિક સમરસતાને અનિવાર્ય ગણાવી હતી. તેમણે સનાતન સંસ્કૃતિના સંવર્ધનને દરેક હિંદુનું પરમ કર્તવ્ય ગણાવતા સમાજમાં ધાર્મિક મૂલ્યો અને સંસ્કારોના સિંચન પર વિશેષ ભાર મૂક્યો હતો. આ સંમેલનમાં અતિથિ વિશેષ કાંતિભાઈ ચાવડાએ આશીર્વચન આપ્યા હતા અને મોટી સંખ્યામાં નગરજનો તથા સંઘના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતાં.

### ટેક્સ એડવોકેટ એસોસિએશન દ્વારા એઆઈ ટૂલ્સ અને જીએસટી અપીલ પ્રક્રિયા પર સ્ટડી મીટિંગ યોજાઈ

**આણંદ** | ટેક્સ એડવોકેટ એસોસિએશન ગુજરાત દ્વારા અમદાવાદના એએમએ ખાતે 5મી સ્ટડી મીટિંગનું સફળ આયોજન કરવામાં આવ્યું



હતું, જેમાં નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન અપાયું હતું. આ પ્રસંગે સીએ શ્રીધર શાહે ટેક્સ વ્યવસાયમાં એઆઇ ટૂલ્સની ઉપયોગિતા અને એડવોકેટ હાર્દિક મોદે જીએસટી કાયદા હેઠળ ફર્સ્ટ અપીલ તથા ટ્રિબ્યુનલની કાર્યવાહી વિશે વિસ્તૃત સમજ આપી હતી. આ મિટિંગમાં પ્રમુખ અનિલ ટીમ્બડીયા, મંત્રી દીપ પરીખ અને ટ્રેઝરર અમિત સોની સહિત કારોબારી સભ્યો અને મોટી સંખ્યામાં ટેક્સ વ્યવસાયિઓ ઉપસ્થિત રહ્યા હતા. વક્તાઓએ ટેક્સ પ્રેક્ટિસને સરળ બનાવતા આધુનિક પાસાઓની ચર્ચા કરી હતી.

### માતરના ગાયત્રી મંદિરમાં ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓની સફળતા માટે યજ્ઞ યોજાયો



**માતર** | માતર સ્થિત ગાયત્રી પ્રજ્ઞા મંદિરમાં ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવા માટે વિશેષ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. સેવાભાવી જયંતીભાઈ સુથાર દ્વારા આયોજિત આ વૈદિક યાગકાર્યમાં સર્વધર્મના પરીક્ષાર્થીઓ અને તેમના વાલીઓએ શ્રદ્ધાપૂર્વક ભાગ લીધો હતો. શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે સમિધની આહુતિ આપીને વિદ્યાર્થીઓને પરીક્ષામાં ઝળહળતી સફળતા મળે તે માટે આશીર્વચન આપવામાં આવ્યા હતા.

### આણંદની સીઈએસ એકેડમીના 10 વર્ષ પૂર્ણ થતાં સ્થાપના દિવસની ઉજવણી કરાઇ

**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત 'સી. ઈ. એસ. એકેડમી'એ સફળતાના દસ વર્ષ પૂર્ણ થતા સંસ્થા ખાતે સ્થાપના



દિવસની ઉત્સાહભેર ઉજવણી કરી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ સંગીત, નૃત્ય, નાટક અને ચિત્રકલાની જીવંત પ્રસ્તુતિઓ રજૂ કરી ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. સંસ્થાના મંત્રી કે.ડી. પટેલ અને ડો. નિખિલ પટેલે એકેડમીની દાયકાની સિદ્ધિઓને બિરદાવી વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હેમાંગીની ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું અને આચાર્યના માર્ગદર્શન હેઠળ સ્ટાફના સહયોગથી આયોજન સફળ રહ્યું હતું.

### કપડવંજમાં વૈષ્ણવ દરજી પંચના કુળદેવી ટાંકલી માતાજીનો ત્રીજો પાટોત્સવ ભવ્યતાથી સંપન્ન

**કપડવંજ** | કપડવંજમાં ધોળીવાવ રોડ સ્થિત કરસનપુરા ખાતે વૈષ્ણવ દરજી પંચના કુળદેવી ટાંકલી માતાજીનો ત્રીજો પાટોત્સવ હર્ષોલ્લાસ



સાથે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાસ્ત્રી વિનોદભાઈ વ્યાસના આચાર્યપદે નવચંડી યજ્ઞનું આયોજન કરાયું હતું. જેમાં માણેકલાલ મંગળદાસ પરિવારે મુખ્ય યજમાન પદનો લાભ લીધો હતો. ઉત્સવ દરમિયાન ધજારોહણ, આરતી અને મહાપ્રસાદીના કાર્યક્રમોમાં અમદાવાદ અને વડોદરા સહિતના વિવિધ શહેરોથી જ્ઞાતિજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. વૈષ્ણવ દરજી પંચના ભાઈઓ-બહેનો અને વડીલોએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

### કપડવંજની સ્પંદન બાલમંદિરમાં 500 વાલીઓની ઉપસ્થિતિમાં ભવ્ય જન્મદિવસની ઉજવણી

**કપડવંજ** | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત સ્પંદન બાલમંદિરમાં મનુભાઈ પટેલ અને કિશોરકુમાર વણજાણીની વિશેષ ઉપસ્થિતિમાં



ગ્રાન્ડ બર્થડે સેલિબ્રેશન યોજાયું હતું. આ અવસરે બાળકોએ ઉત્સાહપૂર્વક સમૂહ નૃત્ય રજૂ કર્યું હતું અને શાળા તરફથી તમામ બાળકોને પ્રોત્સાહક રિટર્ન ગિફ્ટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આશરે 500 જેટલા વાલીઓએ હાજર રહીને બાળકો અને શિક્ષકોનો ઉત્સાહ વધારી સમગ્ર આયોજનને સફળ બનાવ્યું હતું. આચાર્યા નિમ્મીબેન સોનીએ પધારેલા મહેમાનોનો આભાર વ્યક્ત કરી તમામ બાળકોને જન્મદિનની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

### મધ્ય ઝોન રમતોત્સવમાં ડાયટ સંતરામપુરે વોલીબોલમાં પ્રથમ ક્રમ મેળવ્યો

**સંતરામપુર** | જીસીઈઆરટી પ્રેરિત મધ્ય ઝોન કક્ષાનો રમતોત્સવ યોજાયો, જેમાં મધ્ય ગુજરાતના છ જિલ્લાના તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ડાયટ સંતરામપુરની




ટીમે વોલીબોલમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે, જ્યારે દોડ અને લાંબી કૂદમાં તાલીમાર્થીઓએ દ્વિતીય ક્રમ મેળવ્યો છે. તાલીમાર્થીઓની સાથે સંસ્થાના અધ્યાપકો હર્ષદભાઈ પટેલ અને રાની પંચાલે પણ વિવિધ રમતોમાં વિજેતા બની સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ સમગ્ર કાર્યક્રમ જીસીઈઆરટીના સચિવ એસ.જે. ડુમરાળિયાના અધ્યક્ષ સ્થાને અને કન્વીનર ડો. હર્ષદ પટેલના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

### કપડવંજની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ગરબા અને ટ્રેડિશનલ ડેની ભવ્ય ઉજવણી



**કપડવંજ** | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં પર્ફોર્મિંગ એન્ડ ફાઇન આર્ટસ કમિટી દ્વારા ટ્રેડિશનલ ડ્રેસ ડે અને ગરબા મહોત્સવનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ભાઈઓ અને બહેનોના વિભાગમાં બેસ્ટ ડ્રેસિંગ અને બેસ્ટ એક્શન શ્રેણીમાં કુલ 14 વિજેતાઓ જાહેર કરી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કોલેજના આચાર્ય, સ્ટાફગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ પરંપરાગત પોશાકમાં સજ્જ થઈ ગરબાની રમઝટ બોલાવી કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો. વિવિધ પ્રોફેસરોએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી અને અંતે ડો. જવનિકા શેઠે આભાર વિધિ કરી કાર્યક્રમ સંપન્ન કર્યો હતો.

### કપડવંજ શહેરની એસ.સી. દાણી શાળામાં મહાશિવરાત્રીની ભક્તિમય ઉજવણી કરાઇ

**કપડવંજ** | કપડવંજની એસ.સી. દાણી શાળામાં મહાશિવરાત્રી નિમિત્તે પ્રાર્થના સભા અને વિવિધ કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓને



તહેવારના ધાર્મિક અને આધ્યાત્મિક મહત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ધોરણ 2ના વિદ્યાર્થીઓએ અભિનય ગીત દ્વારા શિવ ભક્તિ અને સદાચારનો સંદેશ પ્રસરાવ્યો હતો. બાળકોમાં સંસ્કારનું સિંચન કરવાના હેતુથી ધોરણ 1 અને 2ના વિદ્યાર્થીઓને છોટે સિદ્ધનાથ મહાદેવ મંદિરના દર્શનાર્થે લઈ જઈ પ્રત્યક્ષ સમજ પૂરી પાડવામાં આવી હતી. આ શાળાના સરાહનીય પ્રયાસ દ્વારા વિદ્યાર્થીઓમાં નૈતિક મૂલ્યો અને આધ્યાત્મિક જાગૃતિ લાવવાનો સફળ પ્રયત્ન કરવામાં આવ્યો હતો.